# કલેકટર અને
# જિલ્લા મેજીસ્ટ્રેટ કચેરી

જિલ્લા બનાસકાંઠા

Phone : 02742 - 252530
Fax : 02742 - 252740

જીલ્લા સેવા સદન, જોરાવર પેલેસ કંપાઉન્ડ, બનાસકાંઠા-પાલનપુર (ઉ.ગુ.) ૩૮૫૦૦૧

E-mail : chitnis-ban@gujarat.gov.in ; rdc-ban@gujarat.gov.in


તા.૦૨/૦૬/૨૦૧૮

નં.વહટ/વશી ૩૪૪૨ થી ૩૫૬૩/૨૦૧૮

**વંચાણમાં લીધા :-** પર્યાવરણ અને સ્વચ્છતા અભિયાન અન્વયે માન.મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજયના અધ્યક્ષસ્થાને તા.૦૧/૦૬/૨૦૧૮ ના રોજ યોજાયેલ વિડીયો કોન્ફરન્સમાં આપેલ સુચના.

**પરિપત્ર :-**

ભારત સરકારના સ્વચ્છ ભારત મિશન અંતર્ગત આમુખમાં જણાવેલ વિડીયો કોન્ફરન્સમાં આપેલ સુચના મુજબ તા.૦૫ જુન " વિશ્વ પર્યાવરણ દિવસ " ના રોજ તા.૦૫/૦૬/૨૦૧૮ થી તા.૧૧/૦૬/૨૦૧૮ સુધી " પર્યાવરણ અને સ્વચ્છતા અભિયાન " સપ્તાહની ઉજવણી કરવાની હોઈ જિલ્લાની તમામ કચેરીઓના વડાને જણાવવામાં આવે છે કે, પર્યાવરણ અને સ્વચ્છતા અભિયાનની ઉજવણીના ભાગરૂપે આપની (આપના તાબા હેઠળની) કચેરીમાં સ્વચ્છતા સપ્તાહ યોજાય તે માટેની વ્યવસ્થા કરવાની રહેશે. વધુમાં, અત્રેથી જિલ્લાની વિવિધ કચેરીઓમાં આકસ્મિક તપાસણી દરમ્યાન કચેરીઓમાં સ્વચ્છતાનો અભાવ જોવા મળેલ છે. કચેરીઓની દિવાલો પાન-મસાલાની પીચકારીઓથી ઢંકાઈ ગયેલ હોય છે. કચેરીની આસ-પાસ ગંદકી (ચાના કપ, પાણીના પાઉચ વગેરે)ના ઢગલાઓ જોવા મળતાં હોય છે. ચા માટેના પ્લાસ્ટિકના કપનો ઉપયોગ થતો હોવાનું જણાયેલ છે. કચેરીઓમાં શાખાઓની મુલાકાત લેતાં શાખાઓમાં રેકર્ડ ખૂજ જ જર્જરીત અને અવ્યવસ્થિત પડેલું જોવા મળેલ છે. સ્ટાફને માટે બેસવા પુરતા ફર્નિચરની વ્યવસ્થા પણ જણાતી હોતી નથી.

ઉકત વિગતોએ આપની કચેરીમાં સ્વચ્છતા ઝુંબેશ કાર્યક્રમ હાથધરી સ્વચ્છતાના ભાગરૂપે આપની કચેરીની આસપાસ કોઈ ગંદકી ન થાય તેની તકેદારી રાખવી. કચેરીની દિવાલો ઉપર પાન - તંબાકુના પિચકારીઓના નિશાન હોઈ તો તેનો નિકાલ કરી પુનઃ પિચકારીના ડાઘાઓ ન થાય તે જોવુ. વધુમાં આપની કચેરી હસ્તકના જુના બિન ઉપયોગી - તુટી ગયેલ ટેબલ, ખુરશીઓ, કબાટ વગેરે ઉપયોગમાં ન લઈ શકાય તેવા ફર્નિચરનો ધોરણસર રીતે નિકાલ કરવાની કાર્યવાહી કરવી. વધુમાં કચેરીમાં ભંગાર તેમજ બિનજરૂરી સ્થિતિમાં પડેલ વાહનોનો નિયમોનુસાર નિકાલ કરવો તેમજ કચેરીમાં પડેલ રેકર્ડમાં જુના સમયમર્યાદા બહારના નાશ કરવાપાત્ર રેકર્ડની યાદી તૈયાર કરી સરકારશ્રીની પ્રવર્તમાન સુચના તેમજ જોગવાઈ મુજબ તેનો તાત્કાલીક નાશ કરવો. વધુમાં, કચેરીમાં અસ્તવયસ્ત પડેલ રેકર્ડનો બિનસચિવાલય કચેરી કાર્યપધ્ધતિની જોગવાઈ મુજબ રેકર્ડ વર્ગીકરણની પ્રક્રિયા તાત્કાલીક હાથ ધરી સદરહું સ્વચ્છતા સપ્તાહ દરમ્યાન ઉપરોકત કામગીરી પુર્ણ કરવી.

સદરહું સ્વચ્છતા ઝુંબેશમાં આપના હસ્તકની તાબાની કચેરીઓમાં પણ ઉકત કામગીરી થાય અને સ્વચ્છતા જળવાય તે અંગે અંગત તકેદારી રાખવી. વધુમાં, ઉકત જણાવેલ વિગતોએ વિશેષ કાર્યક્રમનું આયોજન કરી આપની તેમજ આપના તાબાની કચેરી ધ્વારા પર્યાવરણ અને સ્વચ્છતા અભિયાન સપ્તાહની ઉજવણી અંતર્ગત કરવામાં આવેલ કામગીરી અંગેનું ડોકયુમેન્ટેશન કરી (ફોટોગ્રાફસ સાથે) તે અંગેનો અહેવાલ અત્રેની કચેરીએ રજુ કરવા જણાવવામાં આવે છે. આ અંગે આપની કચેરીની મુલાકાત દરમ્યાન જો કચેરીમાં સ્વચ્છતા કરવામાં આવેલ નહી હોય તો તેની અંગત જવાબદારી સબંધિત કચેરીના વડાની રહેશે.

સંદીપ જે. સાગલે
(કલેકટર બનાસકાંઠા)

ક્રમાંક/માવિ૩/પરિપત્ર/૨૭૬૯૮-૨૮૨૫૯
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
બનાસકાંઠા જિલ્લા, પાલનપુર.
તારીખ : ૧૨ / ૦૬ / ૨૦૧૮

૦૨/- નકલ રવાના જાણ તથા અમલ સારૂ

જિલ્લા શિક્ષણાધિકારી,
બનાસકાંઠા જિલ્લા, પાલનપુર.

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી/માધ્ય.ઉ.મા/તેમજ
ગ્રાન્ટેડ/નોનગ્રાન્ટેડ શાળાઓ